GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, ૨જો માળ, ખનીજભવન, હેલ્મેટચારરસ્તાપાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ-૫૨. ફોનનં. ૦૭૯-૨૭૯૧૦૩૭૪, ૨૭૯૧૦૩૭૮, ૨૭૯૧૦૪૩૮.

# ઔધોગિક / વાણિજ્યપ્લોટ / શેડનું જાહેર હરાજીથી વેચાણ

અમદાવાદ વિભાગીય કચેરી હેઠળની ઔધોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ ઔધોગિક પ્લોટ/વાણિજ્ય પ્લોટ અને શેડ કે જે" જેમ છે તેમ અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં" ફાળવણી કરવા સીલ બંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવપત્રકના કવર ઉપર ઔધોગિકપ્લોટ / વાણિજ્યપ્લોટ અને શેડ તથા તેનો નંબર અને વસાહતનું નામ અવશ્ય દર્શાવવા નું રહેશે. ઉપલબ્ધ મિલકતના નંબર, ક્ષેત્રફળ, વસાહતનું નામ નીચે જણાવ્યા મુજબ છે. કોરા અરજી ફોર્મ રૂ. ૧૧૮/- રોકડા, કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી,અમદાવાદ ખાતે ભર્યેથી તા.૧૨/૦૯/૨૦૧૯ થી તા.૨૫/૦૯/૨૦૧૯ દરમ્યાન રજાના દિવસો સિવાય સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી (રીસેસ સિવાય) પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, અમદાવાદ-૧ માંથી જ અરજીપત્રક મેળવવાના રહેશે અને તેવા જ અરજીપત્રક માન્ય ગણાશે.

## હરાજીમાં મુકેલા ઔધોગિકપ્લોટ/વાણિજ્યપ્લોટ/શેડની યાદી

| અ નં. | રીજીયન | વસાહત | મિલકતનોપ્રકાર | મિલકતનો નંબર | વિસ્તાર (ચો.મી.) | પ્લોટનીરીઝર્વ કિંમત(રૂા) | બાનાની રકમ રૂા.(ઇ.એમ.ડી.) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ | ૭૦૩ | ૩૩૬૦ | ૮,૪૦,૦૦,૦૦૦/- | ૨,૧૦,૦૦,૦૦૦/- |
| ૨ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ | ૧૫૧૭ | ૧૬૬૩.૩૮ | ૪,૧૫,૮૪,૫૦૦/- | ૧,૦૩,૯૬,૧૫૨/- |
| ૩ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ | ૧૫૧૮ | ૭૪૪ | ૧,૮૬,૦૦,૦૦૦/- | ૪૬,૫૦,૦૦૦/- |
| ૪ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ | ૧૫૨૧ | ૫૮૭.૯૯ | ૧,૪૬,૯૯,૭૫૦/- | ૩૬,૭૪,૯૩૮/- |
| ૫ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ | ૧૫૨૨ | ૫૭૩.૩૦ | ૧,૪૩,૩૨,૫૦૦/- | ૩૫,૮૩,૧૨૫/- |
| ૬ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ | ૧૫૨૫ | ૫૫૮.૭૪ | ૧,૩૯,૬૮,૫૦૦/- | ૩૪,૯૨,૧૨૫/- |
| ૭ | અમદાવાદ | નરોડા | વાણિજ્ય પ્લોટ (કેન્ટીન) (ખુલ્લી જગ્યા) | ડી-૫૫ | ૬૩૦.૮૦ | ૧,૫૭,૭૦,૦૦૦/- | ૩૯,૪૨,૫૦૦/- |
| ૮ | અમદાવાદ | નરોડા | ઔધોગિક પ્લોટ | ૮૦૨/ઇ | ૧૭૫૫.૬૦ | ૨,૮૦,૮૯,૬૦૦/- | ૭૦,૨૨,૪૦૦/- |
| ૯ | અમદાવાદ | કઠવાડા | વાણિજ્ય પ્લોટ(સિનેમા) | ૫૪૮ | ૬૩૭૮.૨૨ | ૧૪,૭૯,૭૪,૭૦૪/- | ૩,૬૯,૯૩,૬૭૬/- |
| ૧૦ | અમદાવાદ | કઠવાડા | વાણિજ્ય પ્લોટ | ૫૧૧ | ૩૭૭૫.૭૦ | ૮,૭૫,૯૬,૨૪૦/- | ૨,૧૮,૯૯,૦૬૦/- |
| ૧૧ | અમદાવાદ | કઠવાડા | વાણિજ્ય પ્લોટ | ૫૧૬ | ૩૮૦૦ | ૮,૮૧,૬૦,૦૦૦/- | ૨,૨૦,૪૦,૦૦૦/- |
| ૧૨ | અમદાવાદ | કઠવાડા | વાણિજ્ય પ્લોટ | ૧૧૬ | ૪૨૩૫ | ૯,૮૨,૫૨,૦૦૦/- | ૨,૪૫,૬૩,૦૦૦/- |
| ૧૩ | અમદાવાદ | ધોળકા | ઔધોગિક પ્લોટ | ૧૩૧૧ | ૬૧૮ | ૧૮,૫૪,૦૦૦/- | ૪,૬૩,૫૦૦/- |
| ૧૪ | અમદાવાદ | ધોળકા | ઔધોગિક શેડ | સી૧બી-૧૦૦૪ | ૭૦૩.૯૫ | ૩૦,૪૯,૬૯૦/- | ૭,૬૨,૪૨૩/- |
| ૧૫ | અમદાવાદ | ધોળકા | ઔધોગિક શેડ | સી૧બી-૧૦૦૫ | ૭૦૩.૯૫ | ૩૦,૪૯,૬૯૦/- | ૭,૬૨,૪૨૩/- |
| ૧૬ | અમદાવાદ | ભિલોડા | ઔધોગિક પ્લોટ | ૧૪ | ૧૨૦૦ | ૧૨,૬૦,૦૦૦/- | ૩,૧૫,૦૦૦/- |
| ૧૭ | અમદાવાદ | ભિલોડા | ઔધોગિક પ્લોટ | ૩૮ | ૩૩૨૬.૦૫ | ૩૪,૯૨,૩૫૩/- | ૮,૭૩,૦૮૮/- |
| ૧૮ | અમદાવાદ | તલોદ | કેન્ટીન પ્લોટ | ૧૯૯/૧ | ૨૦૨.૩૦ | ૮,૪૯,૨૦૦/- | ૨,૦૨,૩૦૦/- |
| ૧૯ | અમદાવાદ | તલોદ | વાણિજ્ય પ્લોટ | ૧ | ૨,૮૨૧.૦૦ | ૧,૧૨,૮૪,૦૦૦/- | ૨૮,૨૧,૦૦૦/- |

ભરેલા અરજીપત્રકો/ભાવપત્રકો સીલ બંધ કવરમાં તેની ઉપર જે તે પ્લોટ/શેડનંબર, વસાહતના નામ સાથે અવશ્ય દર્શાવવાના રહેશે. "આર.પી.એ.ડી." ધ્વારા જ તા. ૦૩/૧૦ /૨૦૧૯ સાંજના ૦૫:૦૦ સુધીમાં પ્રાદેશિક મેનેજરશ્રી ની કચેરી એ ઉપરના સરનામે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. અરજદારે ટેન્ડર માં ભરેલી જે તે કિંમતના ૨૫% ઇ.એમ.ડી. તથા સ્કુટીની ફી ઔદ્યોગિક પ્લોટ/શેડ તેમજ વાણિજ્ય પ્લોટ માટે રૂ. ૨૦૦૦+રૂ. ૩૬૦/- જી.એસ.ટી. મળી કુલ રૂ. ૨૩૬૦/- નો ડી.ડી. "જી.આઇ.ડી.સી.-અમદાવાદ" ના નામનાં અલગ અલગ એકાઉન્ટ પેઇથી જ ભરપાઇ કરવાના રહેશે. (જે પરત મળવાપાત્ર નથી ). ભાવપત્રક સાથે ઇએમડીની રકમનો ડી.ડી. તથા સ્કુટીની ફીનો ડી.ડી. સામેલ ન રાખનાર નું ટેન્ડર રદ બાતલ ગણાશે એટલે કે ટેન્ડરમાં ભરેલી રકમના ૨૫% પ્રમાણેની રકમ ભરેલી નહી હોય તો તેવા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. વધુમાં અરજીપત્રક સાથે સામેલ કરાયેલ મિલકતની વિતરણ કરવા અંગેની શરતો અને બોલીઓ અન્વયેનું બાંહેધરી ખત રૂ.૩૦૦/- નો એધેસીવ સ્ટેમ્પ લગાવી ત્યારબાદ અરજદારની સહી, સ્થળ અને તારીખ તથા બે સાક્ષીઓની સહી સાથે ફરજીયાત રજૂ કરવાનું રહે છે. તે પણ જો નિયમ મુજબ રજૂ કરવામાં આવેલા નહી હોય તો ટેન્ડર રદબાતલ થવાને પાત્ર રહેશે. ટેન્ડર ઓપન થયેથી જે તે મિલકતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલી હશે તે કિંમત ન્યુનતમ કિંમત/તળીયાની કિંમત ગણતરીમાં લઇ અરજદારો ધ્વારા માહોંમાહેની બોલી બોલાવી જે સૌથી વધારે બોલી બોલનારની આખરી બોલી ગણી નિગમની વડી કચેરી એ થી જરૂરી મંજૂરી મેળવ્યા બાદ મિલકતની ફાળવણી અંગેની આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપલબ્ધ દર્શાવેલી મિલકતો ની જાહેર હરાજી તા.૦૫/૧૦/૨૦૧૯ ના રોજ સવારનાં ૧૧:૦૦ કલાકે નીચે જણાવેલા સરનામે રાખવામાં આવશે . જેમાં ભરેલા અરજીપત્રક / ટેન્ડરના અરજદારે અથવા તેમના અધિકૃત પ્રતિનિધિએ જ અચૂક હાજર રહેવાનું રહેશે. પછીથી કોઇ વાદ વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. મળેલાં ભાવપત્રકો ખોલવા નું સ્થળ : પ્રાદેશિક મેનેજરશ્રી-૧, અમદાવાદ ની કચેરી, જીઆઇડીસી, ૨જો માળ, ખનીજભવન ,હેલ્મેટ ચાર રસ્તા પાસે ,વસ્ત્રાપુર, અમદાવાદ ઉપર જણાવેલી મિલકતોની વિગતો શરતો અને અન્ય માહિતી કચેરીના નોટિસબોર્ડ તથા નિગમની વેબસાઇટ www.gidc.gov.in ઉપર મૂકવામાં આવેલા છે, જે વંચાણે લીધા પછી જ ટેન્ડર ભરવાના રહેશે .અનિવાર્ય સંજોગોમાં નિગમ તેમાં ફેરફાર કરી શકશે. તેમ છતાં પણ કોઇપણ મિલકતના પ્રકાર, વિસ્તાર અથવા કિંમત બાબતે કંઇ પણ ફેરફાર જણાશે તો નિગમ તેમાં ફેરફાર કરી શકશે અને નિગમનો નિર્ણય અંતિમ ગણાશે, જે તમામ અરજદારોને બંધનકર્તા રહેશે. અનિવાર્ય સંજોગોમાં કોઇ પણ અરજદાર, બિડર પોતાનું ટેન્ડર/ બિડ ટેન્ડર ઓપનીંગ થતાં પહેલાં એટલે કે તા. ૦૪/૧૦/૨૦૧૯ ના રોજ સવારના ૧૧:૦૦ કલાક પહેલાં આઇ.ડી. પ્રુફ સાથે રૂબરૂ માં જાતે હાજર રહી લેખિતમાં રજૂઆત કરી પરત ખેંચી શકશે અને એક વખત ટેન્ડર/બિડ ખુલી ગયા પછી કોઇ પણ સંજોગોમાં પરત ખેંચી શકાશે નહી જેથી એકવાર ટેન્ડર ખુલી ગયા બાદ જો કોઇ અરજદાર ટેન્ડર પરત ખેચવાની રજુઆત કરશે અથવા ઓફર -કમ -એલોટમેન્ટલેટર સ્વિકારવાની ના પાડશે તો તે અરજદાર /બિડરની ૨૫% ઇએમડીની રકમ જે ટેન્ડર સાથે ભરપાઇ થયેલી હશે. તે નિગમ ધ્વારા જપ્ત કરવામાં આવશે, જેની અવશ્ય નોંધ લેવાની રહેશે અને તે બાબતે કોઇ પણ પ્રકારની તકરાર /વાંધો ઉઠાવી શકશે નહી મળેલા ભાવપત્રકો પૈકી કોઇ પણ એક કે તે તમામ સ્વિકારવા તે અંગેનો નિગમનો અબાધિત અધિકાર રહેશે.

સહી
વિભાગીય પ્રબંધક,
જીઆઇડીસી,અમદાવાદ

સંપર્ક અધિકારી :-પ્રાદેશિક મેનેજર-૧
જીઆઇડીસી, અમદાવાદ